ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

જિલ્લામાં ૧.૨૨ લાખ ગેસ જોડાણ ૪૨ ગામોનો પણ સમાવેશ

પાઈપલાઈન દ્વારા અપાતા ઘરવપરાશના ગેસ માટે કોઈપણ પ્રકારની સબસીડી ચુકવાતી નથી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં જી.એસ.પી.સી. અને સાબરમતી ગેસના કુલ ૧,૨૨,૭૪૦ જોડાણ આપવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર વિસ્તારના ૨૨ ગામો, અડાલજના ૫, માણસાના ૬, દહેગામના ૩ અને કલોલના ૬ ગામોને પણ આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં ૯૨૦૧૦ જીએસપીસી ગેસ કનેક્શન છે, જ્યારે ૬૭૬૦ સાબરમતી ગેસ વપરાય છે. જિલ્લામાં આ તાલુકા સિવાય અન્ય તાલુકામાં એટલે કે કલોલ, દહેગામ અને માણસા તાલુકામાં સાબરમતી ગેસ કનેક્શન છે. જેમાં દહેગામ તાલુકામાં ૧૨૭૦, માણસા તાલુકામાં ૨૬૦૫ જ્યારે કલોલ તાલુકામાં ૧૫૮૪૮ તથા અડાલજમાં ૪૨૪૭ એમ મળી ૨૦૦૯૫ કનેક્શન આપવામાં આવ્યા છે.

આજે વિધાનસભામાં લેખિત પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઘર વપરાશ માટે પ્રતિ એસ.સી.એમ. (કરવેરા સહિત) જી.એસ.પી.સી. ગેસના રૂ. ૨૮.૫૫ છે, જ્યારે સાબરમતી ગેસનો દર રૂ. ૨૭.૬૦નો છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગાંધીનગર ચારેય તાલુકાના નીચે મુજબ શહેરો અને ગામોમાં પાઈપ લાઈન મારફતે ગેસ પુરો પાડવામાં આવે છે. જેમાં ગાંધીનગર તાલુકાના પેથાપુર, વાવોલ, કોલવડા, રાયસણ, રાંદેસણ, ઈન્દ્રોડા, ધોળાકુવા, અમિયાપુર, મોટેરા, ચાંદખેડા, આલમપુર, ભાટ, ઝુંડાલ, દશેલા, કોબા, કુડાસણ, લવારપુર, લેકાવાડા, મોટી શિહોલી, પાલજ, સરગાસણ તેમજ રતનપુર ગામોનો સમાવેશ થાય છે. જ્યારે માણસા તાલુકામાં બાલિયાનગર, ધોળાકુવા, માણેકપુર, રાજપુરા, મકાખાડ તેમજ રિદ્રોલ ગામોનો સમાવેશ થાય છે. દહેગામ તાલુકાના પાલિયા, બારોટના મોસમપુરા તેમજ લવાડ ફાર્મ તદ્ઉપરાંત કલોલ તાલુકાના સાંતેજ, રકનપુર, મોટી ભોયણ, ખાત્રજ, ઉસ્માનબાદ તેમજ પલસાણા અને અડાલજમાં અંબાપુર, જમીયતપુરા, ખોરજ, પોર તેમજ અડાલજ ગામનો સમાવેશ થાય છે અને પાઈપલાઈન દ્વારા આપવામાં આવતા ઘર વપરાશના ગેસ ઉપર સરકાર દ્વારા કોઈપણ પ્રકારની સબસીડી ચુકવવામાં આવતી નથી.

● મહત્વના પ્રશ્નો ચર્ચામાં આવતા નથી : ગૃહમાં પોઈન્ટ ઓફ ઓર્ડર

વિધાનસભા ગૃહમાં તારાંકિત પ્રશ્નોતરી બાદ કોંગ્રેસના પૂંજાભાઈ વંશે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે પ્રશ્નોત્તરીના જવાબમાં સમયમર્યાદા ન જળવાતા વિસ્તૃત જવાબો અને પેટા પ્રશ્નોના લીધે મહત્વના પ્રશ્નો ચર્ચામાં આવતા નથી. જે ધારાસભ્યોના અધિકાર પર તરાપ સમાન હોવાનુ તેમણે જણાવ્યું હતું. નિયમોની જોગવાઈને ધ્યાને લઈ વિસ્તૃત જવાબોના મામલે નિયંત્રણ લાવવા પણ તેમણે અધ્યક્ષ સમક્ષ રજૂઆત કરી હતી. આ મામલે પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે વધુમાં વધુ ૧૨ પ્રશ્નોની ચર્ચા સુધી જ પહોંચી શકાય છે. પ્રશ્નોના નિરાકરણ માટે અપેક્ષા હોય છે. ત્યારે આ પદ્ધતિમાં બદલાવ લાવવો જોઈએ. કોંગ્રેસના એક ધારાસભ્યએ તેમાં મુદ્દો પણ ઉઠાવ્યો હતો કે બળાત્કાર સહીતના ગંભીર પ્રશ્નો અંગે ચર્ચા ન થાય અને ઘેટાં-બકરાની રસી આપવાના મામલે ૨૦ મિનિટનો સમય ફાળવવામાં આવે છે. વિજય રૂપાણીએ પણ જણાવ્યું હતું કે બન્ને પ્રક્ષોને રસ હોય તેવા પ્રશ્નોની ચર્ચામાં કોઈને વાંધો હોતો નથી. આખરે અપક્ષે વિધાનસભાના નિયમ ૫૬ મુજબ આ બાબતે નિર્ણય લેવાનું સ્વઆધિન હોવાનું જણાવ્યું હતું.

વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

● વાણિજ્યક વેરા અન્વયે ૧૨૦૫.૨૯ કરોડની આવક

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ગાંધીનગર જિલ્લામાંથી સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક થઈ તે અંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ અન્વયે રૂ. ૧૨૦૫.૨૯ કરોડની આવક થઈ છે. જેમાં મુખ્ય આવક આપતી કોમોડીટીઓમાં નેચરલ ગેસ, આયર્ન એન્ડ સ્ટીલ, ઓટોમોબાઈલ્સ, કોમ્પ્યુટર અને પેકીંગ મટીરીયલ્સનો સમાવેશ થાય છે.

● બે વર્ષમાં ગેરકાયદેસર રેતી-કોંકરી ખનનના ૪૧૪ કેસ

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન પરવાનગી વગર રેતી કાંકરી ખનન કામગીરી કરતા હોય તેવા ૪૧૪ કીસ્સામાં કેસ કરવામાં આવ્યા છે. જ્યારે રેતી-કાંકરીના ખનન માટે માત્ર ૧૪ કીસ્સામાં જ મંજૂરી આપવામાં આવી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીએ જવાબમાં જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં રેતી-કાંકરી-ખનન માટે ૧૪ કીસ્સામાં મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ગેરકાયદેસર ખનન કામગીરી કરતા વાહનો તથા માલિકો સામે ૪૧૪ કીસ્સામાં કેસ કરવામાં આવ્યા છે. જ્યારે આ કેસો સંદર્ભે વસુલાત અર્થે નોટીસ આપવા ઉપરાંત એફ.આઈ.આર. દાખલ કરવાના પગલા લેવાયા છે.

સંસ્કૃતિ કુંજ - વસંતોત્સવના આરંભથી દેશના વિવિધ પ્રદેશોના લોકનૃત્યોની રજૂઆત ગાંધીનગરનું આકર્ષણ બની રહ્યા છે.... સતત બીજા દિવસે સાંસ્કૃતિક માહોલથી છલકાતા સંસ્કૃતિ કુંજમાં પ્રેક્ષકો મોટી સંખ્યામાં નૃત્યો નિહાળવા ઉમટ્યા હતા. (તસવીર : દિપક જાની)

જિલ્લા વિકાસ અધિકારી તરીકે હવાલો સંભાળતા ભીમજીયાણી

વિક્ટર મેકવાને પણ તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળ્યો : પંચાયત પ્રમુખ, અધિકારીઓ અને કર્મચારીઓએ આવકાર્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે શ્રી ભિમજીયાણીએ આજે તેમનો નવો ચાર્જ સંભાળી લીધો છે. તેઓ આ અગાઉ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગમાં ફરજો બજાવતા હતા.

તાજેતરમાં રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૭૨ જેટલા સનદી અધિકારીઓની બદલીના કરેલા હૂકમોમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાનની બદલી કરી અને તેમના સ્થાને શ્રી ભીમજીયાણીની નિમણુંક કરી હતી.

શ્રી વિક્ટર મેકવાનની બદલી લાઈવલી હુડ એજન્સીમાં બદલી કરવામાં આવી છે. શ્રી મેકવાને પણ આજે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.

શ્રી મેકવાનને ૨૪મીએ સામાન્ય સભા બાદ તુરત જ પંચાયતના પદાધિકારીઓ દ્વારા વિદાય આપવામાં આવી હતી તેમજ તેમની નવી જગ્યા પર કરાયેલી નિમણુંકને વધાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

શ્રી ભીમજીયાણીએ આજે હોદ્દાનો ચાર્જ સંભાળતાં જ પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને કર્મચારીઓએ બુકે આપી સ્વાગત કર્યુ હતુ. તેમજ વિકાસના કામોને વધુ ગતિશીલ બનાવવા માટે અનુરોધ કર્યો હતો.

ઉદ્યોગ ભવનમાં દશમા માળેથી છલાંગ લગાવનાર યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સે-૧૧ ઉદ્યોગભવન ના ૧૦માં માળેથી ગઈ કાલે બપોરના અરસામાં આલમપુરના યુવાનને પોતાનો ચહેરો ગમતો ન હોવાથી મોતની છલાંગ લગાવી હતી. આ ૨૪ વર્ષીય યુવાનને ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જયાં મોડી રાત્રે તેનું સારવાર દરમિયાન મૃત્યુ થઈ ગયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

આઈટીઆઈમાં અભ્યાસ કરતા અને આલમપુર ગામમાં રહેતા ૨૪ વર્ષીય યુવાન અજય બળદેવભાઈ પટેલે ગઈ બપોરે ઉદ્યોગભવન

● અનુસંધાન પાન-૭ પર

હૃદયરોગના દર્દીઓના સ્વાસ્થ્યનો રિપોર્ટ વાયરલેસ ઉપકરણથી તબીબને પહોંચશે

ગાંધીનગરની પ્રતિષ્ઠિત એન્જિનિયરીંગ કોલેજ એલ.ડી.આર.પી.ના બે વિદ્યાર્થીઓ સંકેત પટેલ અને મૈત્રિ અગ્રવાલનું અનોખુ સંશોધન

ગાંધીનગર, તા. ૨૬

સંદેશાવ્યવહાર ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી શકે તેવુ ઉપકરણ બનાવવાની પહેલ ગાંધીનગરની



એલ.ડી.આર.પી. ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. એલડીઆરપી ઈન્સ્ટીટ્યુટના ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સંકેત પટેલ અને મૈત્રી અગ્રવાલ એક એવુ વાયરલેસ ઉપકરણ બનાવી રહ્યા છે જે હૃદયરોગના દર્દીઓના સ્વાસ્થ્યનો રોજેરોજનો ડેટા ઘરે બેઠા નિષ્ણાંત તબીબ સુધી પહોંચાડી શકે એટલુ જ નહી કોઈ ઈમરજન્સી હોય ત્યારે દર્દીના સગાસંબંધીઓને અને તબીબને અન્યત્ર સ્થળે હોય તો પણ જાણ કરી શકે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે આ બંને વિદ્યાર્થીઓના સંશોધનને બીરદાવ્યું છે. અને તેમના સંશોધનમાં પૂર્ણ સહયોગ આપ્યો છે.

આગામી દાયકા ટેકનોલોજીનો છે તેમાં કોઈ બેમત નથી. માનવજાતને વધુમાં વધુ ઉપયોગી થઈ શકે, તેમનું કામ સરળ બનાવી શકે તેવા સાધનો શોધાઈ

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં ૩૮૩ લાખ લીટર દારૂ પકડાયો

વ્યસન પીડિત લોકોની સારવાર માટેના મુદ્દે ડૉક્ટર સભ્યોથી ચર્ચામાં ગરમાવો

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લા ૫ વર્ષમાં ૩૮૩ લાખ લીટર દારૂ પકડાયો છે. દારૂ પીવાથી નાગરિકોનું સ્વાસ્થ્ય બગડે છે અને વ્યસનથી પીડીત વ્યક્તિઓને કેન્સર સહીતના રોગ થાય છે. આમ છતા મોટી રકમના હપ્તા ઉઘરાવાય છે. ગુટખા પર પ્રતિબંધ બાદ હવે વધુ તિવ્રતા વાળી છૂટક પડીકીઓ ઉંચી કિંમતે વેચાય છે. વિધાનસભા ગૃહમાં આજે રજૂ થયેલા કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડીત લોકોને સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક અંગે પ્રસ્તાવ રજૂ થયો હતો. જેમાં ગૃહમાં ઉપસ્થિત ચાર ડૉક્ટરોએ ચર્ચામાં વિશેષ રસ દાખવ્યો હતો.

ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબતે સભ્ય ડૉ. નિમાબેન આચાર્યએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ તબક્કે કોંગ્રેસના ડૉ. તેજસ્વીબેને જણાવ્યું હતું કે આવા રોગ ખાસ કરીને દારૂ પીવાથી થાય છે. છેલ્લા ૫ વર્ષમાં ૩૮૩ લાખ લીટર દારૂ પકડાયો છે. જેમાં ૧ કરોડથી વધુ વિદેશી દારૂ છે. દારૂ પીવાથી સ્વાસ્થ્ય ખરાબ થાય છે. પરંતુ મોટી રકમના હપ્તા ઉઘરાવાય છે. ગુટકાના પ્રતિબંધ છતાં વધારે તિવ્ર અને ઉંચા ભાવે છૂટક પડીકીઓનું વેચાણ થાય છે. તમાકુના ઉત્પાદન પર પ્રતિબંધ મુકવો જોઈએ. ડૉ. નિર્મલાબેન, મનીષ મણીયાર, અનિલ જોષીયારા સહીત ચાર ડૉક્ટરોએ આ મુદ્દો ચર્ચાસ્થાને રહી ગજાવ્યો હતો. ચા, દૂધમાં ભેળસેળનો મુદ્દો ઉઠતા જેઠાભાઈ ભરવાડ ઉશ્કેરાયા હતા. કોંગ્રેસના સભ્યોએ આ નિમાબેનના આ પ્રસ્તાવને સમર્થન આપ્યુ હતુ.

બાળ ફિલ્મ મહોત્સવનો પ્રારંભ - કડી કેમ્પસના ખીમજી વિસરામ ઓડિટોરીયમમાં શિક્ષણ વિભાગ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સંયુક્ત ઉપકમે યોજાયેલ બાળ ફિલ્મ મહોત્સવનો પ્રારંભ રાજ્ય શિક્ષણ - સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણીએ દિપ પ્રગટાવી કરાવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, જિલ્લા શિક્ષણાધિકાર એન. એમ. બારડ, જિલ્લા પ્રશિક્ષણ તાલીમ ભવનના નિયામક ટી. એસ. જોશી, કડી યુનિવર્સિટીના ડીન વીણાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં બાળ ફિલ્મ મહોત્સવનો શુભારંભ

પ્રથમ રાજકોટ બાદ ગાંધીનગરમાં બાળકો માટે ફિલ્મ મહોત્સવને ખુલ્લો મુકાયો : ફિલ્મ મહોત્સવમાં ૧,૨૫,૦૦૦ બાળકો લાભ લેશે : અશ્લિલ દૃશ્યો એ સમાજ માટે ચિંતાનો વિષય : કૃષ્ણકાન્ત જહા : મંત્રી કે મેયર નહિ પરંતુ ડોક્ટર કે વકીલ બનજો : મહેન્દ્રસિંહ રાણા : વાંચવામાં ખ્યાલ ન આવે તેના કરતા ફિલ્મ જોવાથી ઝડપથી સમજણ પડે છે : વાનાણી

ગાંધીનગર, તા. ૨૬

હાલના સમયમાં ટી.વી. અને સિનેમામાં અશ્લિલ દૃશ્યો બતાવવા સાવ સામાન્ય થઈ ગયું છે. ફિલ્મ તો ઠીક પરંતુ જાહેરાત પણ પરિવાર સાથે બેસીને જોઈ શકતા નથી. બાળકો એ આવતીકાલનુ ભવિષ્ય છે. જે ખંડીત ન થાય તે માટે પાટનગરમાં બાળ ફિલ્મ મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ૧,૨૫,૦૦૦ બાળકો તેનો લાભ લેશે.

સેક્ટર-૨૩ ખિમજી વિસરામ હોલમાં શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી, મેયર મહેન્દ્રસિંહ રાણા, કડી સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને કલ્ચરલ ફોરમ ગાંધીનગરના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હાની ઉપસ્થિતિમાં દિપ પ્રગટાવી બાળ ફિલ્મ મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મહોત્સવમાં શહેરની વિવિધ શાળામાં બાળકોને પ્રિય અને ક્રિએટીવીટીને લગતી ફિલ્મો દર્શાવવામાં આવશે.

સમારોહમાં નાનુભાઈ વાનાણીએ જણાવ્યુ હતુ કે ફિલ્મો દ્વારા બાળકો વધુ શિખી શકે છે. જે વસ્તુ આપણને વાંચવાથી ખ્યાલ આવતો નથી તેના કરતા દૃશ્ય દ્વારા ઝડપથી સમજણ પડી જાય છે. તેમણે બાળકોને પ્રશ્ન કર્યો હતો કે તમને ફિલ્મ જોવી ગમે છે? ફિલ્મ બતાવવી ગમે છે ? અને તેના દ્વારા શિક્ષણનું અને ફિલ્મનું મહત્વ સમજાવ્યું હતું.

વધુમાં જણાવ્યુ હતુ કે આમિરખાનની ફિલ્મ તારે જમીન પર, અને લગાન ફિલ્મ પણ આપણને ઘણુ બધુ શિખવી જાય છે. તેનું ઉદાહરણ આપી એક પંક્તિ ગમતુ હોય એને ગુંજે ન ભરીએ...

● અનુસંધાન પાન-૭ પર

અભિનંદન

પરેશભાઈ રણછોડભાઈ પટેલ

ડિરેક્ટર, કૃષક ભારતી કો.ઓપ.લિ. (કૃભકો) ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃષક ભારતી કો.ઓપ. લિ. (કૃભકો) ન્યુ દિલ્હીના ડિરેક્ટર પદે આપને સતત બીજી ટર્મ માટે ભારતના ૯ રાજ્યમાંથી બિનહરિફ ચૂંટાવા આપને ખૂબ ખૂબ અભિનંદન... ઉત્તરોત્તર સહકારી ક્ષેત્રે પ્રગતિ કરો એવી શુભકામનાઓ...

શુભેચ્છક

ધી ધણપ સેવા સહકારી મંડળી લિ.

યુવરાજસિંહ જશુભા રાણા

ચેરમેન, ધી ધણ સેવા સહકારી મંડળી, ધણપ

કારોબારી

રામજીભાઈ એ. ઠાકોર — દલપતસિંહ પી. રાણા
નટવરસિંહ એસ. રાણા — કરણસિંહ જી. રાણા
બળદેવજી પી. ઠાકોર — ગાભાજી એફ. રાવળ
વિસાભાઈ બી. દેસાઈ — કોદરભાઈ જી. ચૌધરી

કર્મચારી ગણ

પ્રદિપસિંહ બી. રાણા ● છબાભાઈ જે. ઠાકોર

સે-૬માં રહેતા આધેડ એક સપ્તાહથી લાપતા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે-૬-બી પ્લોટ નં. ૬૪૪/૫ ખાતે રહેતા ૫૦ વર્ષીય રમેશજી બેચરજી ઠાકોર પોતાના ઘરેથી કોઈ કારણોસર કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યા ગયા હતાં. ૧૮ ફેબ્રુઆરીથી લાપતા થયેલા રમેશજીનો આજે એક સપ્તાહ બાદ પણ કોઈ પત્તો લાગ્યો નથી. સે-૭ પોલીસે આધેડ વયના રમેશજીની ગુમ થયા અંગેની જાણવાજોગ અરજી લઈને તેમની શોધખોળ શરુ કરી છે. જો કે હજુ સુધી તેમના સગડ મળ્યા ન હોવાનું જાણવા મળ્યું છે.

મળશે નહિ

ડો. યશવંત બી. છાંટબાર

કાન, નાક, ગળાના ડોક્ટર

તા. ૨૭/૨/૧૫ થી તા. ૧/૩/૧૫ સુધી મળશે નહિ. સોમવાર ૨/૩/૧૫થી રાબેતા મુજબ મળશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com